# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

નં. : ઇ-૩/૪૦૩૩ **ખાસ અગત્યનું** તારીખ : ૧૫/૧૨/૨૦૨૦

**(સમય મર્યાદા)**

પ્રતિ,

વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રી,

______________________

______________________

વિષય : એકેડેમીક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ની Teacher Teaching અંગેની માહિતી મોકલવા બાબત...

સુજ્ઞશ્રી/સુશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે એકેડેમીક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ની પરીક્ષાઓની પૂર્વ તૈયારી માટે આપની કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા ચલાવવામાં આવતા તમામ અભ્યાસક્રમની Teacher Teaching Information યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવમાં આવેલ નમુના પ્રમાણે તારીખ : ૨૦/૦૧/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાની રહેશે. આ માહિતીમાં નીચેની બાબતો અંગે ખાસ તકેદારી રાખવા વિનંતી.

૧. દરેક શિક્ષકનું પુરૂ નામ, મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ લખવું ફરજીયાત છે.

૨. ફોર્મ ભર્યા બાદ દરેક શિક્ષકની તેના વિષયની સામે સહિ કરાવવી ફરજીયાત છે અને સહિ કરાવેલી હાર્ડ કોપી યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં જમા કરાવવી.

૩. દરેક શિક્ષકની સિન્ડિકેટ એપ્રુવલ તારીખ, હાજર થયા તારીખ અને રીટાયરમેન્ટ તારીખ દર્શાવવી.(**dd/mm/yyyy** મુજબ)

૪. જો કોઇ શિક્ષકનો મોબાઇલ નંબર, ઇ-મેલ એડ્રેસ, ડેટ ઓફ સિન્ડીકેટ એપ્રુઅલ, ડેટ ઓફ જોઇનિંગ તથા અધ્યાપકની સહિ નહી હોય તો તેમનું નામ પેનલમાં સમાવેશ કરવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.

૫. દરેક સેમેસ્ટરના વિષયનો કોડ, ટાઇટલ સ્પષ્ટ દર્શાવવું તેમજ દરેક વર્ષની માહિતી અલગ પેજ ઉપર દર્શાવવી.

૬. વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રીના સહિ સિક્કા કરેલ પ્રમાણિત નકલ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી બંન્ને મોકલવાની રહેશે જેમા સોફ્ટ કોપી CD માં ન મોકલતા યુનિવર્સિટી **E-mail tti_exam@spuvvn.edu** ઉપર મોકલવાની રહેશે.

૭. માહિતી માટેની Excel File http://www.spuvvn.edu/download/teacher teaching information પરથી મેળવી લેવાની રહેશે.

૮. માહિતી જણાવેલ નમૂના પ્રમાણે મોકલી આપવી ફરજીયાત છે. સદર Excel File ફોર્મેટમાં કોઇપણ પ્રકારનો સુધારો કરવો નહી.

૯. એડહોક અધ્યાપક તથા સિન્ડિકેટ એપ્રુવલ વગરના અધ્યાપકની માહિતી Excel File ફોર્મેટમાં ઉમેરો કરવો નહી.

આમ ઉપરોક્ત માહિતી ઉપરથી જે તે વિષયની આગામી યોજાનાર પરીક્ષાઓમાં નિમણૂંક કરવામાં આવનાર પરિક્ષક, પેપર સેટર અંગેની પેનલ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવનાર હોઇ નિયત સમય મર્યાદામાં સદર માહિતી મોકલી આપવાની રહેશે. જે કોલેજ/વિભાગ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા સદર માહિતી તારીખ : ૨૦/૦૧/૨૦૨૧ સુધીમાં નહી મોકલાવામાં આવે તો તેઓના નામ જે તે વિષયની પેનલમાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કા.નાયબ કુલસચિવ

(પરીક્ષા વિભાગ)

D:\MITUL\Exam Section\Atulbhai\Mahiti-2020.docx